# અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડ-ઓનલાઈન છેતરપીંડીની સાત પોલીસ ફરિયાદ નોંધાતાં ચકચાર મચી




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી તા.૩૧

અમરેલી જિલ્લામાં જાણે સાયબર કરનારા શખ્સો માટે મોકલું મેદાન હોય તેમ જિલ્લાનાં અલગ ગામમાંથી અલગ અલગ દિવસે થયેલ સાયબર ફ્રોડની એક જ દિવસે રૂપિયા ૧૭,૫૬,૮૦૪ની રકમની સાત સાત પોલીસ ફરિયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામેલ છે.

પ્રથમ બનાવમાં બગસરા તાલુકાના માવજીંજવાના વતની અને હાલ સુરત મોટા-વરાછા વૃંદાવન સોસાયટીમાં રહેતાં જયરાજભાઇ મધુભાઇ રાબડીયા નામનાં ૩૫ વર્ષીય વેપારી યુવકના મોબાઈલ ફોન નંબર જીઓ સીમકાર્ડ કોઇ અજાણ્યા ઈસમે કોઈપણ રીતે બંધ કરી દઇ વેપારીના સીમકાર્ડ સાથે કનેક્ટેડ તેમના IDBI એકાઉન્ટમાંથી તા.૨૬/૧૦/૨૫ થી તા.૨૭/૧૦/૨૨૫ સુધીમાં અલગ અલગ ટ્રાન્જેક્શન કરી કુલ રૂ.૧,૮૪,૯૭૭ ઉપાડી લઈ વેપારી સાથે છેતરપીડી કરતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બીજા બનાવમાં બાબરા તાલુકાના ભીલા ગામે રહેતાં રાજેશભાઇ પીઠાભાઇ ડેર નામનાં ૩૬ વર્ષીય યુવકના સાથી કર્મચારીના ફોનમાં વોટ્સએપ એપ્લીકેશમાં ''e Challan.apk'' નામની ખોટી એપ્લીકેશન મોકલી તેમનો મોબાઈલ ફોન હેક કરી લઈ આ યુવકના મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં ''e Challan.apk'' મોકલી યુવકનો પણ મોબાઈલ ફોન હેક કરી લઈ યુવકના HDFC બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૯૨,૫૦૦ ની ઓનલાઈન ઠગાઇ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

ત્રીજા બનાવમાં અમરેલીની અમૃતધારા સોસાયટી, ચક્કરગઢ રોડ ઉપર રહેતાં કાળુભાઈ નાથાભાઈ સાવલીયા નામનાં ૪૬ વર્ષીય આધેડ વેપારીની જાણ બહાર કોઈ અજાણ્યા આરોપીએ આર.ટી.ઓ. APK ફાઈલ વેપારીના વોટસએપમા મોકલી મોબાઈલ ફોન હેક કરી વેપારીના ક્રેડીટ કાર્ડમાંથી લોન કરી તે લોનના રૂપિયા ૩,૨૦,૫૨૧ ની રકમ તથા આ આધેડ વેપારીના બેન્ક ખાતામાંથી બચતના પેડલ રૂપિયા પૈકીના રૂા.૧,૦૦,૦૦૦ તથા રૂા.૯૮,૭૫૦ તથા રૂા.૧,૦૦,૦૦૦ તથા રૂા.૬૬,૧૬૨ મળી કુલ રૂા.૩,૬૪,૯૧૨ ઓનલાઈન ઉપાડી લઈ આર.ટી.ઓ. APK ફાઈલ વેપારીના વોટસએપમા મોકલી મોબાઈલ ફોન હેક કરી ફરિયાદી સાથે ઠગાઇ કરવાના ઈરાદે ખોટી ઓળખ ઉભી કરી છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

ચોથા બનાવમાં ખાંભા લીમડીપરામ વિસ્તારમાં રહેતાં વનરાજભાઇ બાલુભાઇ ભીલ નામનાં ૪૭ વર્ષીય આધેડે કોઈપણ જાતનો ઓ.ટી.પી. કે કોઈપણ ટ્રાઝેકશન્સ કર્યા વગર તેમના એસ.બી.આઇ. બેન્ક એકાઉન્ટના મોબાઈલ ફોનના વ્હોટ્સએપ નંબરમાં કોઈ અજાણ્યા મોબાઈલ વાળાએ SBI CREDIT CARD APK નામની ફાઈલ મોકલતા આધેડે ભુલમાં ડાઉનલોડ થઇ ખોલાય જતા આ એપ્લીકેશન મારફ્તે આધેડના બેન્કની કોઇ ગોપનીય માહીતી મેળવી લઇ સૌરવ મોંડલ રહે. કલકાતા નામની વ્યકતીએ આધેડની જાણ બહાર ટેકનીકલક સોર્સ દ્વારા INDUS IND BANK LIMITED S 24-SHIBANIPIT BARUIPUR PARGANAS શાખાના ATM ID :-01490081 તથા INDUS IND BANK LIMITED S 24- PARGANASWB શાખાના ATM ID :-INMC0313 થી આધેડના રૂ.૧,૧૫,૧૪૨.૭૨ આધેડના ખાંભા શાખાની એસ.બી.આઇ.બેન્કના ખાતામાંથી ઉપાડી લઇ આધેડ સાથે ઓનલાઇન છેતરપીંડી કરી એકબીજાને મદદગારી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

પાંચમાં બનાવમાં જાફરાબાદ ગામે મોટા ઉંચાણીયા હવેલીની બાજુમાં રહેતાં ચેતનભાઇ મુકુંદરાય પારેખ નામનાં ૪૬ વર્ષીય વેપારીને ગત તા.૩ ના રોજ અજાણ્યા મોબાઈલ નંબરમાંથી ફોન આવેલ અને વેપારીને HDFC બેંકના મેનેજર તરીકેની ઓળખ આપી વેપારી સાથે વિશ્વાસઘાત કરી વેપારીને ઉપરોક્ત મોબાઈલમાંથી તેના વોટ્સએપ એપ્લીકેશન ઉપર લીંક મોકલીના HDFC બેંકના ક્રેડીટ કાર્ડમાંથી બે અલગ-અલગ કુલ રૂપિયા ૯૫,૪૭૩ ના ટ્રાન્જેકશન કરી લઈ વેપારી સાથે છેતરપીંડી કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

છઠ્ઠા બનાવમાં રાજુલા ગામે પાણીની ટાંકી પાસે, અંબાજી મંદીરની બાજુમાં રહેતાં ગૌરવભાઇ ધીરૂભાઇ ટાંક નામનાં ૨૨ વર્ષીય યુવક સાથે કોઈ જાનવી નામની મહીલાએ બે અલગ અલગ મોબાઈલ નંબર ઉપરથી સંપર્ક કરી અને આ યુવકને શેર ખરીદવાની ટીપ્સ આપી અને શેરમાં નફો કરાવી આપીશું તેવી રીતે વિશ્વાસમાં લઇ અને બાદ શેરના રોકાણમાં યુવકને નુકશાન જતા યુવકે નુકશાન રીકવર કરાવવા સારૂ અભિષેક શર્મા નામના વ્યકિતએ યુવકને ક્રીપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનુ કહી META TRADER 5 નામની એપ્લીકેશનમાં ક્રીપ્ટો કરન્સીનુ એકાઉન્ટ બનાવી અને kamleshtawar નામના વ્યકિતનો ઊઇ કોડ મોકલી તેમાં યુવક પાસેથી ચીટીંગના નાણા ગુગલ પે UPI ID દ્વારા રૂપિયા ૩૬૦૦ તથા રૂપિયા ૨૨૦૦ તથા રૂપિયા ૧૬૦૦ તથા રૂપિયા ૬૫૦૦ તથા બીજા એકાઉન્ટમાંથી રૂપિયા ૨૦,૦૦૦ તથા રૂપિયા ૧૧,૯૦૦ તથા રૂપિયા ૩૦,૦૦૦ વેપારી પાસેથી કટકે કટકે જુદી જુદી રકમના કુલ રૂપિયા ૭૫,૮૦૦ ટ્રાન્જેકશન કરાવી લઈ યુવક પાસેથી નાણા મેળવી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

સાતમા બનાવમાં અમરેલીના માણેકપરામાં રહેતાં મિલનભાઇ રસીકભાઇ ગઢીયા નામનાં ૪૦ વર્ષીય વેપારી યુવક તથા તેમના મિત્રના વોટ્સેપમાં કોઈ અજાણ્યા ઈસમે RTO Traffic Challan 500(2).apk ફાઈલ વાયરલ કરી તે વેપારીએ એપ્લીકેશન ડાઉનલોડ કરી ખોલતા તેમની પોતાની એક્ટીવા ગાડીના મેમાની વિગત તથા નેટ બેંકીંગની વિગત સબમીટ કરતા વેપારીના તથા વેપારીના પત્નિ તથા તેમના દિકરા-દિકરી ચારેયના અલગ-અલગ HDFC બેંકના ખાતામાંથી આરોપીએ પોતાના UCO BANK ના ખાતા નંબરમાં તથા જુદા-જુદા UPI થી ફ્રોડના કુલ રૂપિયા ૭,૨૮,૦૦૦ ઓળવી જઇ ઠગાઇ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# બગસરાના હામાપુર ગામ નજીક સામસામે બાઈક અથડાતા બે લોકોના મોત

## બાઈક ચાલકોની ટક્કર એટલી જોરદાર હતી કે અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા

અમરેલી:

અમરેલી જિલ્લાના ધારી-બગસરા રોડ પર હામાપુર ગામ નજીક બે બાઈક સામસામે અથડાય પડતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બે મોટરસાયકલ સામસામે પ્રચંડ વેગે અથડાતા સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યક્તિઓના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.



આ બનાવમાં મળતી માહિતી મુજબ, હામાપુર પાસે બંને બાઈક વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે અવાજ સાંભળી આસપાસના સ્થાનિકો તુરંત દોડી આવ્યા હતા. અકસ્માતમાં પ્રવીણભાઈ વલ્લભદાસ દાણીધારીયા (રહે. બોરડી) અને દિનુભાઈ બ્લોચ (રહે.જેતપુર) વાળા બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તોને પ્રથમ ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે બાઈકમાં બેઠેલા માધવીબેન, રેણુકાબેન (રહે. બોરડી) અને રૂકસાનાબેન (રહે.જેતપુરવાળા) ની હાલત વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા છે.

આ ઘટનાની જાણ થતા જ ધારી પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# અમરેલીમાંથી જુદી જુદી બ્રાન્ડેડ કંપનીની બનાવટી બીડી, તમાકુ બનાવતુ કારખાનુ ઝડપાયું

## બાગબાન,સુરેશ કંપનીની બનાવટી તમાકુ તેમજ ચારભાઈ, સંભાજી બનાવટી બીડી તેમજ રો-મટીરીયલ સામાન મળી કુલ રૂ.૪,૩૬,૩૧૫ નો જથ્થો પકડી કાર્યવાહી







અમરેલી:

અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ બ્રાન્ડેડ કંપનીની તમાકુ, બીડી સિગારેટ સહિત અનેક ખાદ્ય તથા અખાદ્ય વસ્તુઓની નકલી માલસામાન બનાવી અને આવી વસ્તુઓનું બેફામ વેચાણ થઈ રહયું છે. જેને લઈ લોકો આવી નકલી તમાકુ બીડી સહિતની વસ્તુઓનો ઉપયોગ કરી કેન્સર જેવાં રોગનો ભોગ બની મોતને ભેટે છે. ત્યારે અમરેલીમાં પાશેરામાં પુણી સમાન એક સ્થળેથી નકલી બીડી તમાકુ સહિતની વસ્તુઓ પોલીસે ઝડપી પાડેલ છે.

અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં બનાવટી તમાકુ, બીડી બનાવી ઠગાઈ કરી વેચાણ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચના આપવામાં આવેલ હોય, જેના અનુસંધાને એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ દ્વારા અમરેલી જિલ્લામાં બનાવટી માલ મંગાવી તેના દ્વારા દ્વારા પેકીગ કરી પોતાના આર્થિક ફાયદા સારૂ ચીજવસ્તુઓનુ ઉત્પાદન કરનાર શખ્સોની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હતી.

જે અન્વયે એસ.ઓ.જી. ટીમ અમરેલી શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે “અમરેલી શહેરમાં આવેલ મણીનગર વિસ્તારમાં સાઈબાબાના મંદીર પાસે રહેતા ઈરફાનભાઈ ઈસ્માઈલભાઈ પઠાણ પોતાના રહેણાંક મકાને ડુપ્લીકેટ તમાકુ તેમજ ડુપ્લીકેટ બીડીની બનાવટ કરી તેનુ વેચાણ કરે છે”.

જેથી બાતમી વાળી જગ્યાએ દરોડો કરતા આ ઈસમને બનાવટી માલની તમાકુ, બીડીના જથ્થા તેમજ સુરેશ તમાકુ, બાગબાન તમાકુ, ચારભાઈ બીડી, સંભાજી બીડી બનાવવાના રો-મટીરીયલ, સ્ટીકરો, હોલમાર્કના સિક્કાઓ વિગેરે કુલ રૂપિયા ૪,૩૬,૩૧૫ ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ. અને પકડાયેલ ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

# બેંકમાંથી છોડાવેલા સોનાના દાગીના સ્નેચિંગ કરનાર ટોળકી ઝડપાઈ

## રાજુલા પોલીસે ૭.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



અમરેલી:રાજુલા પોલીસે બેંકમાંથી છોડાવેલા સોનાના દાગીનાની સ્નેચિંગ કરનાર ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ટોળકીએ ફાઈનાન્સ કંપનીના કર્મચારી સાથે છેતરપિંડી કરીને સોનાના દાગીનાની ચોરી કરી હતી. પોલીસે ચોરી થયેલા દાગીના અને ગુનામાં વપરાયેલી કાર સહિત કુલ ૭.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ઘટના ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યે રાજુલા સ્થિત કેપ્રી બેંક પાસે બની હતી. આરોપીઓએ પૂર્વયોજિત કાવતરું ઘડ્યું હતું. આરોપી નંબર ૨ દ્વારા બેંકમાં ગીરવે મુકેલા સોનાના દાગીના છોડાવવા માટે આરોપી નંબર ૧ એ ફાઈનાન્સ કંપનીનો સંપર્ક કર્યો હતો.

ફાઈનાન્સ કંપની દ્વારા RTGS મારફતે ૪,૧૨,૦૧૨/- બેંકમાં જમા કરાયા બાદ સોનાના દાગીના મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ ફાઈનાન્સ કંપનીના કર્મચારી અને સાહેદને પોતાની ફોરવ્હીલ કારમાં "થોડે દૂર ઉતારી દેશે" તેમ કહીને બેસાડ્યા હતા. રસ્તામાં નજર ચૂકવીને આરોપી નંબર ૧ એ કર્મચારીના પેન્ટના ખિસ્સામાંથી સોનાના દાગીનાની થેલી ચોરી લીધી હતી.

આ બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૬૦૦૯૭ બી.એન.એસ. કલમ ૩૦૪(૨), ૬૧(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ એ.એસ.આઈ. બી.એમ. વાળા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલમાં ૪,૧૨,૦૦૦/- ની કિંમતના સોનાના દાગીનાનો સમાવેશ થાય છે, જેમાં ૧ બ્રેસલેટ, ૨ કાનની બુટ્ટી, ૨ પાંદડા, ૧ પેન્ડલ અને ૨ વીંટીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગુનામાં ઉપયોગમાં લેવાયેલી GJ-36-AC-2335 નંબરની મારુતિ સ્વિફ્ટ કાર પણ જપ્ત કરવામાં આવી છે, જેની કિંમત ૩,૦૦,૦૦૦/- આંકવામાં આવી છે. આમ, કુલ ૭,૧૨,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પકડાયેલા આરોપીઓમાં રવિરાજભાઈ મધુભાઈ મરમલ (ઉંમર ૩૨, જુની બારપટોળી, રાજુલા), લાલજીભાઈ બીજલભાઈ લાખણોત્રા (ઉંમર ૩૨, જુની બારપટોળી, રાજુલા), હુસૈનભાઈ ઉર્ફે ટીકો રહીમભાઈ નાગરીયા (ઉંમર ૨૮, જુની બારપટોળી, રાજુલા) અને કલદીપભાઈ મનુભાઈ સાંડસુર (ઉંમર ૨૨, લોઠપુર, તા. જાફરાબાદ) નો સમાવેશ થાય છે.

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર અને અમરેલી એસ.પી. સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ, સાવરકુંડલા ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા અને રાજુલા પો.ઈન્સ. વી.એમ. કોલાદરાના નેતૃત્વમાં પોલીસે ટેક્નિકલ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કરીને રાજુલા-ભેરાઈ રોડ પરથી ચારેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

# મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી અંગે આખરી આદેશ પ્રસિદ્ધ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

રાજ્ય ચૂંટણી આયોગે એક આખરી આદેશ દ્વારા અમરેલી જિલ્લા પંચાયત તેમજ ધારી અને સાવર કુંડલા તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના તેમ રચના તેમજ અનામત બેઠકોની ફાળવણી અંગે આખરી આદેશ પ્રસિદ્ધ કર્યો છે.

અગાઉ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી જિલ્લા પંચાયતના મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની ફાળવણી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને તેના પ્રવર્તમામન નિયમોની જોગવાઈ મુજબ સને-૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્યના અધિકાર પરત્વે જિલ્લા પંચાયતના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિતની સંખ્યા) નક્કી કરવામાં આવી છે.

આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લા પંચાયતની કુલ બેઠકો ૩૪ છે. જે પૈકી અનુસૂચિત જાતિની સ્ત્રી ૧, સામાન્ય ૨, અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ૧, સામાન્ય ૦, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સ્ત્રી ૫, સામાન્ય ૪ અને સામાન્ય સ્ત્રી માટે ૧૦ અને બિન અનામત સામાન્ય ૧૧ બેઠકોનો સમાવેશ થાય છે.

આ આદેશ મુજબ અમરેલી જિલ્લાની ધારી તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો પૈકી અનસુચિત જાતિ સ્ત્રી માટે ૧, સામાન્ય ૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી ૨, સામાન્ય ૨, સામાન્ય સ્ત્રી ૫, બિન અનામત સામાન્ય ૪ બેઠકોનો સમાવેશ થાય છે.

આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લાની સાવરકુંડલા તાલુકા પંચાયતની કુલ ૨૨ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ સ્ત્રી માટે ૧, સામાન્ય ૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી ૩, સામાન્ય ૩ અને સામાન્ય સ્ત્રી ૭ અને બિન અનામત સામાન્ય ૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ આદેશની વિગતવાર માહિતી સંબંધિત કચેરીઓના નોટીસ બોર્ડ પર જોવા મળી શકશે.

# લાઠી પોલીસે ગુમ થયેલ ૨૬,૯૯૯ની મિલકત પરત કરી

## “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ હેઠળ અરજદારોને મોબાઈલ મળ્યા

લાઠી:લાઠી પોલીસે “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ હેઠળ ગુમ થયેલા બે મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત કર્યા છે. આ ગુમ થયેલી મિલકતની કુલ કિંમત ૨૬,૯૯૯/- છે.

પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. સોનીના માર્ગદર્શન હેઠળ, ગોહિલ પ્રવીણભાઈ પરશોતમભાઈ અને મેર જીગ્નેશભાઈ ભીમજીભાઈ, બંને જાનબાઈ દેરડીના રહેવાસી, તેમના મોબાઈલ ફોન ગુમાવી દીધા હતા. આ બંને મોબાઈલ ચાલુ હાલતમાં હતા.




અરજદારોએ લાઠી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા, પોલીસે ગુમ થયેલા મોબાઈલ ફોનના નંબરના આધારે ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરીને લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આ મિલકત શોધી કાઢી.શોધી કાઢવામાં આવેલા મોબાઈલ ફોનમાં એક REDMI નોટ ૭ (કિંમત ૧૪,૯૯૯) અને એક VIVO Y20 (કિંમત ૧૨,૦૦૦) નો સમાવેશ થાય છે.આ સમગ્ર કામગીરી લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. સોની અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી, જેનાથી “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ સાર્થક થયો.

# અમરેલી જિલ્લામાં ફાયર સેફ્ટી, ૧૦૮ ઈમરજન્સી સેવા તથા પ્રાથમિક સારવાર અંગે વ્યાપક જાગૃતિ કાર્યક્રમો યોજાયા

અમરેલી: રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષક સ્ટાફ માટે સલામતી જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આપત્તિ સમયે યોગ્ય પ્રતિસાદ આપવાની સમજ વિકસાવવાનો તથા સલામતી પ્રત્યે સજાગતા વધારવાનો રહ્યો હતો.

શાળા સલામતી સપ્તાહ અંતર્ગત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, અમરેલી વિભાગ દ્વારા તા. ૩૦-૦૧-૨૦૨૬ના રોજ બગસરા ખાતે આવેલી શાળા નંબર–૩ માં ફાયર સેફ્ટી અવરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિભાગના કર્મચારીઓશ્રી, ગઢવી હરિકૃષ્ણ, શ્રીબાંભણીયા હિમતકુમાર તથા શ્રીઈસોટીયા જયદીપભાઇ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક સ્ટાફને બેઝિક ફાયર અવરનેસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગના પ્રકારો, આગ લાગવાની જુદી જુદી પરિસ્થિતિઓમાં અલગ અલગ અગ્નિશામક સાધનોના



ઉપયોગ અંગે માહિતી આપી વિદ્યાર્થીઓની હાજરીમાં લાઈવ ડેમોસ્ટ્રેશન પણ કરાવવામાં આવ્યું હતું.

તે ઉપરાંત, તા. ૨૯-૦૧-૨૦૨૬ના રોજ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત સાવરકુંડલા તાલુકાની પ્રાથમિક શાળા નંબર–૩ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલા તાલુકા બ્રાન્ચના પ્રતિનિધિ શ્રી મેહુલભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ તથા શિક્ષક સ્ટાફને પ્રાથમિક સારવાર (ફ્રૈજિં છૈઙ્ઘ) અંગે થિયરીકલ તેમજ પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ઈજા, રક્તસ્ત્રાવ, બેભાન થવાની સ્થિતિ તેમજ અચાનક બિમારી જેવી પરિસ્થિતિઓમાં કેવી રીતે તાત્કાલિક અને યોગ્ય પ્રાથમિક સારવાર આપવી તેની વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, તા. ૨૭-૦૧-૨૦૨૬ના રોજ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની શ્રી આદસંગ પ્રાથમિક શાળા ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સો જેટલા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક સ્ટાફને ૧૦૮ ઈમરજન્સી સેવા કેવી રીતે કાર્ય કરે છે, ઈમરજન્સી સમયે તેની ભૂમિકા તથા સેવામાં ઉપયોગમાં લેવાતા અધતન ઉપકરણો અંગે માહિતી આપવામાં આવી હતી અને ડેમોસ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓમાં આપત્તિ સમયે ભય વિના યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિકસે, આત્મવિશ્વાસ વધે તથા શાળા સ્તરે સલામતી સંસ્કૃતિ મજબૂત બને તેવો ઉદ્દેશ વિભાગો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.